ECHO OF HIS CALL

સાદનો પ્રતિસાદ

GUJARATI

₹ 10/-

India's National Spiritual Newspaper

16 Languages

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Hon. Editor-in-Chief: REV. DR. ANGELINE SELVAKUMARI HENRY

Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXVIII YEAR OF OUR LORD JESUS CHRIST, 2026 NOVEMBER NO: 09

પવિત્ર બાઈબલ



કૃપા કરી આ ભાગ મોઢે કરો

ગીતશાસ્ત્ર ૪૬: ૧ થી ૭

૧. દેવ આપણો આશ્રય તથા આપણું સામર્થ્ય છે, સંકટને સમયે તે હાજરાહજૂર મદદગાર છે.

૨. માટે જો પૃથ્વી ઊથલપાથલ થાય, જો પર્વતો સમુદ્રમાં ડૂબી જાય.

૩. જો તેનું પાણી ગર્જના કરે તથા વલોવાય, જો તેના ઊછળવાથી પર્વતો કાંપી ઊઠે, તોપણ આપણે બીએ નહિ.

૪. જેના વહેળા દેવના નગરને, એટલે પરાત્પરના મંડપના પવિત્રસ્થાનને આનંદમય કરે છે એવી એક નદી છે.

૫. દેવ તેમાં છે; તેને હલાવી શકાશે નહિ; પોહ ફાટતે દેવ તેને મદદ કરશે.

૬. વિદેશીઓએ તોફાન મચાવ્યું, અને રાજ્યો ડગમગી ગયાં; તેણે ગર્જના કરી, એટલે પૃથ્વી પીગળી ગઈ.

૭. આપણી સાથે સૈન્યોનો સરદાર યહોવા છે; આપણો આશ્રય યાકૂબનો દેવ છે.



તમારી પાસે આશ્રય છે! પાછળ ફરીને જોશો નહિ!

YOU HAVE A REFUGE! DON'T LOOK BACK!

– બહેન એન્જેલાઈન



આપણા ઈશ્વર પિતા અને આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત તરફથી તમને કૃપા અને શાંતિ થાઓ, જેમણે આપણા પાપો માટે પોતાની જાતને સોંપી દીધી હતી અને શત્રુઓની યોજનાઓથી આપણને છોડાવ્યા હતા. તેઓ આપણા આશ્રય છે, આપણો કિલ્લો છે, અને મુશ્કેલીના સમયે આપણા સદાકાળના મદદગાર છે.

આપણા **ઈકો ઓફ હીજ કોલ** વિસ્તૃત પરિવારનો ભાગ બનવા બદલ તમારો ઘણો જ આભાર. આ સામયિક દ્વારા દર મહિને તમારી સાથે જોડાવા માટેના વિશેષાધિકાર બદલ અમે ઘણા જ આભારી છીએ.

જો આ સામયિક તમારા માટે આશીર્વાદરૂપ છે, તો અમને તમારી પાસેથી સાંભળવું ગમશે. કૃપા કરીને તમારી સાક્ષીઓ, વિચારો અને સૂચનો અમારી સાથે નિઃસંકોચપણે વહેંચશો. તમારું પ્રોત્સાહન અમારા માટે ઘણું મહત્વ ધરાવે છે.

ઈશ્વર આપણા આશ્રય છે!

સલામતી, સામર્થ્ય શોધો, અને ઈશ્વરમાં આશા રાખો.

(અનુસંધાન પાન 3 પર)

ઈકો ઓફ હીજ કોલ

ક્રિશ્ચિયન યૂટ્યુબ ચેનલ!

દરરોજ બે મિનિટનો સંદેશો

પાળક એસ. સામ સેલ્વ રાજ દ્વારા!



અંગ્રેજી, હિન્દી ભાષામાં – સવારે ૧.૦૦ વાગે,
તામિલ અને તેલુગુ ભાષામાં – સવારે ૨.૦૦ વાગે

અને

તામિલ અને અંગ્રેજી સંદેશો અને પ્રાર્થના

રવિવારે સવારે ૮.૩૦ વાગે અને સાંજે ૬.૦૦ વાગે

કૃપા કરીને સબ્સ્ક્રાઈબ કરશો અને અન્યોની સાથે વહેંચશો

ECHO OF HIS CALL - (Marching towards 60th year)

Estd. 1969

from your dearly beloved brother...



"તમારી લાજના બદલામાં તમને બમણું મળશે; અને તમને થયેલા અપમાનને બદલે તેઓ પોતાના મળેલા હિસ્સાથી હરખાશે; તેથી તેઓ પોતાના દેશમાં બમણો વારસો પામશે. તેમને અખંડ આનંદ મળશે..." (યશાયા ૬૧:૭).



Founders

આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.

HON. EDITOR-IN-CHIEF
Rev. Dr. Angeline Selvakumari Henry, M.A., M.Sc., M.Ed.

CONTRIBUTING EDITOR
Sis. Andrea Christmas Henry

EX MANAGING EDITOR
Pastor Alex Samson Sam, B.Th., M.Div.

EX ADMINISTRATOR
Sis. Jesy Veena Sam

GENERAL MANAGER
Bro. N. Prakasam, M.A., M.Sc.(C&P), PGDHRM, MBA.

ADMINISTRATION
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)

EDITORIAL BOARD
Sis. Sajini Cherian
Rev. Dr. J. John Rajarathnam, B.E.S., B.D., M.Th.
Rev. Dr. K.R. Rajasekaran
Adv. N. Balaji, B.Com., M.L.

EDITOR, PUBLISHER & PRINTER
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293
Cell : (+91) 98410 71852, 98412 71858

E.MAIL
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

WEBSITES
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.org

YOUTUBE CHANNEL
Echo of His Call

વહાલાઓ મિત્રો,

આપણા પ્રભુ અને તારનાર, ઈસુ ખ્રિસ્તના મધુર નામમાં તમ દરેકને શુભેચ્છાઓ!

ઈકો ઓફ હીજ કોલનો આ અંક વાંચવા બદલ આભાર. ઈશ્વર તમને આશીર્વાદ આપશે!



મારી વહાલી પત્ની **શ્રીમતી જેસી વીણા સામ** ફેફસાંની લાંબી માંદગી પછી ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ રાત્રે ૧૦.૩૦ વાગ્યે પ્રભુના ગૌરવમાં પ્રવેશી છે. તેણીએ છેલ્લા ૫૨ વર્ષથી મારી સાથે આપણા પ્રભુની વિશ્વાસુપણે સેવા કરી રહી હતી. તેણીએ તેણીની દોડ સફળતાપૂર્વક પૂરી કરી હતી. આપણે ટૂંક સમયમાં તેણીની સાથે સ્વર્ગમાં ફરી મળીશું. મારી સાથેના તેણીના અર્થપૂર્ણ જીવન માટે આવો આપણે આપણા ઈશ્વરની સ્તુતિ કરીએ. મારી લાગણીઓ વ્યક્ત કરવા માટે મારી પાસે શબ્દો નથી.

અમારી પૌત્રી **બહેન એન્ડ્રીયા ક્રિસમસ હેનરી** અને પુત્રી **રેવ. એન્જેલાઈન સેલ્વાકુમારી હેનરીને** ગવર્નિંગ બોર્ડ દ્વારા **ઈકો ઓફ હીજ કોલની** ભાવિ મિનિસ્ટ્રીઓને આગળ લઈ જવા માટે નિમણૂક કરવામાં આવી છે. જ્યાં સુધી સત્તાવાર ઔપચારિકતા પૂરી ન થાય ત્યાં સુધી હું તેમને મદદ કરી રહ્યો છું.



રેવ. ડો. એમ. મુથ્થુ, અધ્યક્ષ, ભાઈ મોઝેસ (પૌત્ર), પાળક સામ, બહેન એન્ડ્રીયા અને રેવ. એન્જેલાઈન



તારીખ ૨૬મી સપ્ટેમ્બરના રોજ સવારે ૯.૩૦ વાગ્યાથી બપોરે ૨.૩૦ વાગ્યા સુધી **ધ ફેમિલી ઑફ જીસસ** એ નામ હેઠળ – **એક મધૂર સંમેલન** અમારા મુખ્ય ચર્ચમાં આયોજિત કરવામાં આવ્યું હતું.



અંદાજે ૧૦૦ પુરુષો અને મહિલાઓએ એમાં હાજરી આપી હતી. આપણી **નહેમ્યા બાઈબલ કોલેજના** પ્રિન્સિપાલ, રેવ. ડો. જે. જોન રાજારથાનામ મુખ્ય વક્તા તરીકે હતા. સર્વ લોકો ખરેખર નવા અભિષેક સાથે આશીર્વાદ પામ્યા હતા.

અમારા માટે પ્રાર્થના કરવા અને **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીઓ સાથે ઊભા રહેવા બદલ અમે તમારા આભારી છીએ. કૃપા કરીને એમ કરવાનું ચાલું રાખશો.

ઈશ્વર તમ સહુને આશીર્વાદિત કરો!

ઈસુ ખ્રિસ્તમાં, તમારા ભાઈ,

પાસ્ટર એસ. સામ સેલ્વ રાજ,
E.mail : sam@echoofhiscall.org

(પાન ૧થી આગળ...)

ઈશ્વરના નામો!

બાઈબલ ઈશ્વરને ઘણા નામો અને શીર્ષકો દ્વારા આપણને પ્રગટ કરે છે, દરેક નામ તેમના ગુણધર્મ, સ્વભાવ અને તેમના લોકો સાથેના સંબંધ વિશે કંઈક જણાવે છે.

ઈશ્વરના નામનું એક વર્ણન જેણે મને ખાસ કરીને આકર્ષિત કર્યું છે તે આ છે:

તેઓ આપણા આશ્રય છે.

મને ચોક્કસ ખબર નથી કે અન્ય ભાષાઓમાં કેટલી વિવિધ અભિવ્યક્તિઓનો ઉપયોગ થયો છે, પણ તામીલ બાઈબલમાં, આશ્રયની વિભાવના સુંદર રીતે "મારાઈવિદમ", "પુગાવિદમ" અને "અદાઈકલામ" જેવા શબ્દો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. – એક સંતાવાની જગ્યા, આશ્રય સ્થાન, સલામતીનું સ્થાન અને એવી જગ્યા જ્યાં આપણને સંપૂર્ણપણે આચ્છાદિત રાખવામાં આવે છે અને આપણે સુરક્ષિત રહીએ છીએ.

આશ્રય એ એક એવી જગ્યા છે જ્યાં ભય નજીક આવે ત્યારે વ્યક્તિ નાસી જઈ શકે છે – સલામતી, આશ્રય અને તોળાઈ રહેલી આપત્તિથી રક્ષણનું સ્થાન.

અને આપણા ઈશ્વરનું કેટલું સુંદર ચિત્ર છે!

જ્યારે આપણી આસપાસની દરેક બાબત અનિશ્ચિત લાગે છે, ત્યારે ઈશ્વર આપણું સલામત સ્થાન રહે છે.

ઈશ્વર આપણા આશ્રય છે તે વિશે બાઈબલ શું કહે છે?

બાઈબલ આપણને વારંવાર યાદ અપાવે છે કે ઈશ્વર આપણા આશ્રય છે:

"**તેઓ જ મારો ખડક તથા તારણ છે; તેઓ મારો ગઢ છે; હું કદી ઉથલાઈ જવાનો નથી.**" ગીતશાસ્ત્ર ૬૨:૨.

"**ઈશ્વર આપણા આશ્રય તથા આપણું સામર્થ્ય છે, સંકટને સમયે તેઓ હાજરાહજૂર મદદગાર છે.**" ગીતશાસ્ત્ર ૪૬:૧.

"**હું યહોવા પ્રભુ વિષે કહીશ કે, તેઓ મારો આશ્રય તથા કિલ્લો છે; એ જ મારા ઈશ્વર છે, તેમના પર હું ભરોસો રાખું છું.**" ગીતશાસ્ત્ર ૯૧:૨.

"**હે લોકો, તમે સર્વ પ્રસંગે તેમનો ભરોસો રાખો; તેમની આગળ તમારું હૃદય ખુલ્લું કરો; ઈશ્વર આપણા આશ્રય છે.**" ગીતશાસ્ત્ર ૬૨:૮.

"**યહોવા પ્રભુ સારા છે, સંકટસમયે તેઓ ગઢરૂપ છે; અને તેમના પર ભરોસો રાખનારાઓને તેઓ ઓળખે છે.**" નાહૂમ ૧:૭.

"**યહોવા પ્રભુનું નામ મજબૂત કિલ્લો છે; નેકીવાન તેમાં નાસી જઈને સહીસલામત રહે છે.**" નીતિવચનો ૧૮:૧૦.

"**પરમેશ્વરનું દરેક વચન પરખેલું છે; જેઓ તેમના પર ભરોસો રાખે છે તેમની તેઓ ઢાલ છે.**" – નીતિવચનો ૩૦:૫.

કેવી અદ્‌ભૂત ખાતરી

ઈશ્વર એ માત્ર કોઈ વ્યક્તિ નથી જેમની તરફ આપણે પ્રસંગોપાત ફરી શકીએ. તેઓ દરેક સમયોએ આપણા આશ્રય છે.

એક વ્યક્તિગત પ્રશ્ન!

આપણામાંથી કેટલા પ્રામાણિકપણે કહી શકે:

"તેઓ મારા આશ્રય છે. તેઓ જ ફક્ત મારા આશ્રય છે?"

જ્યારે હું આ સત્ય પર મનન કરી રહી હતી, ત્યારે મને લાગ્યું કે આપણા આશ્રય તરીકે ઈશ્વરનું ચિત્ર ખરેખર કેટલું શક્તિશાળી અને ખાતરી આપતું છે.

તેણે મને જૂના કરારમાં વર્ણવેલ આશ્રયનગરોની યાદ અપાવી હતી. મેં આ નગરોનો જેટલો વધુ અભ્યાસ કર્યો, તેટલી જ હું આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં અવિશ્વસનીય આશ્રયની પ્રશંસા, મૂલ્યાંકન કરવા લાગી હતી.

આશ્રયનગરો!

જ્યારે ઈશ્વરે ઈસ્રાએલના કુળોને વચનનો દેશ આપ્યો હતો, ત્યારે લેવીઓને અન્ય કુળોની જેમ પ્રાદેશિક વારસો મળ્યો ન હતો. યહોવા પ્રભુ પોતે તેમનો વારસો હતા, વતન હતા.



ખાસ તાકીદની સૂચના!

ત્યાં કદાચ નજીકના ભવિષ્યમાં ઈકો ઓફ હીજ કોલની ટપાલ મોકલવામાં અનિવાર્ય વિક્ષેપ થઈ શકે છે. જો તમે કોઈ પણ વિક્ષેપ કે અવરોધ વિના ઈકો ઓફ હીજ કોલ પ્રાપ્ત કરવાનું ચાલુ રાખવા માંગતા હો, તો કૃપા કરીને અમને તરત જ તમારું નામ, સરનામું, ઈમેઈલ સરનામું અને વોટ્સએપ નંબર, પત્ર દ્વારા, ઈમેઈલ, ફોન અથવા એસએમએસ/વોટ્સએપ સંદેશા દ્વારા મોકલશો.

તમારો ટેકો, પ્રોત્સાહન અમને તમારી વધુ સારી સેવા કરવામાં સહાયરૂપ બને છે!

અમારું સરનામું :

ECHO OF HIS CALL,
10, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005, India
Cell: (+91) 98412 71858 / 98410 71858 E.mail: sam@echoofhiscall.org

"કેમ કે લેવીઓને તમારી મધ્યે ભાગ મળવાનો નથી; કેમ કે યહોવા પ્રભુનું યાજકપદ એ જ તેઓનું વતન છે." યહોશુઆ ૧૮:૭.

જો કે, દરેક કુળને તેમની જમીનનો એક ભાગ લેવીઓ માટે ફાળવવો પડ્યો હતો. તેઓને ઈસ્રાએલના સર્વ પ્રદેશોમાં નગરો આપવામાં આવ્યા હતા. કુલ મળીને, તેઓને ૪૮ નગરો મળ્યાં હતાં, અને તેમાંથી છને આશ્રયનગરો તરીકે ઠરાવવામાં આવ્યાં હતાં.

આ છ નગરો વ્યૂહાત્મક રીતે આખા દેશમાં વહેંચવામાં આવ્યા હતા જેથી કોઈ જોખમમાં હોય તે અશક્ય અંતરની મુસાફરી કર્યા વિના કોઈ એક નગર સુધી પહોંચી શકે.

આશ્રયનગરોનો હેતુ!

ગણના ૩૫:૨૨-૨૮ આ નગરોનો હેતુ સમજાવે છે.

ત્યાં એવી પરિસ્થિતિઓ બની જતી હતી કે જેમાં એક વ્યક્તિ અજાણતા બીજાના મૃત્યુનું કારણ બની જતી હતી. આવા કિસ્સામાં, મૃત્યુ માટે જવાબદાર વ્યક્તિ લોહીને માટે બદલો લેનાર સામે રક્ષણ લેવા આશ્રયનગરોમાંથી એકમાં નાસી જઈ શકતી હતી.

જમાત પછી મૃત્યુનું કારણ બનનાર વ્યક્તિ અને લોહીનો બદલો લેનાર વચ્ચે ન્યાય કરશે.

જો મૃત્યુ આકસ્મિક હોવાનું નક્કી કરવામાં આવે, તો મનુષ્યઘાતક સેવા આપતા પ્રમુખ યાજકના મૃત્યુ સુધી આશ્રયનગરમાં રહી શકતો હતો.

જો કે, ત્યાં એક મહત્વપૂર્ણ શરત હતી:

તેણે તે નગરની હદમાં જ રહેવું પડતું હતું.

જો તેણે પ્રમુખ યાજકના મૃત્યુ પહેલાં ઈરાદાપૂર્વક આશ્રયનગર છોડી દીધું, તો તે હવે તેના રક્ષણ હેઠળ ન હતો, અને લોહીનો બદલો લેનાર તેને અપરાધ કર્યા વિના મારી શકતો હતો.

પ્રમુખ યાજકના મૃત્યુ પછી, મનુષ્યઘાતક તેના પોતાના વતનમાં પાછો ફરવા માટે મુક્ત હતો.

આશ્રયનું કેવું શક્તિશાળી ચિત્ર!

આશ્રયનગરો પરથી આપણે શું શીખીએ છીએ?

૧. તેઓ રક્ષણ પૂરું પાડતા હતા.

આશ્રયનગરો એવી વ્યક્તિને માટે હતા કે જેણે અન્ય વ્યક્તિના મૃત્યુના કારણ માટે અજાણતા લોહીના બદલો લેનારથી ન્યાયયોગ્ય ચુકાદો ન આવે ત્યાં સુધી રક્ષણ આપતા હતા.

૨. તેઓ સલામતી પૂરી પાડતા હતા.

જો વ્યક્તિનું મૃત્યુ અકસ્માતે થયું હોવાનું જણાય, તો તે નગરમાં સુરક્ષા હેઠળ, સલામત રીતે રહી શકતો હતો.

૩. તેઓ પહોંચી શકાય તેવા હતા.

છ નગરોને આખા દેશમાં એવી રીતે વહેંચવામાં આવ્યા હતા, કે જેથી જેને આશ્રયની જરૂર હોય તેવા તમામ લોકો આશ્રય માટે પહોંચી શકતા હતા.

૪. તેઓ ફક્ત ઈસ્રાએલીઓ કરતાં અન્ય લોકો માટે પણ ઉપલબ્ધ હતા.

જોગવાઈ ફક્ત ઈસ્રાએલીઓ માટે જ નહિ, પણ તેમની વચ્ચે રહેતા પરદેશીઓ અને પ્રવાસીઓ માટે પણ હતી.

૫. સંરક્ષણની સીમાઓ હતી.

જે વ્યક્તિ નગરમાં નાસી ગઈ હોય તેણે તેની સીમાઓમાં રહેવું પડતું હતું. નગર છોડવાનો અર્થ એ હતો કે રક્ષણની જગ્યા છોડી દેવી.

૬. રક્ષણ પ્રમુખ યાજકના જીવન સાથે જોડાયેલું હતું.

સેવા આપતા પ્રમુખ યાજકના મૃત્યુ સુધી મનુષ્યઘાતક નગરમાં જ રહી શકતો હતો. તે પછી, તે તેના વારસાના વતનમાં પાછો ફરી શકતો હતો.

શું તમે કલ્પના કરી શકો છો કે કોઈ વ્યક્તિ આકસ્મિક મૃત્યુ પછી તેનો જીવ બચાવવા માટે નાસી જતો હોય, તે જાણીને કે એક એવું નગર છે જ્યાં તેને રક્ષણ મળી શકે?

છ આશ્રયનગરો!

ઈશ્વરે છ આશ્રયનગરો ઠરાવ્યા હતા, ત્રણ યર્દન નદીની આ બાજુએ અને બીજા ત્રણ યર્દન નદીની બીજી બાજુએ.

યર્દન નદીની પશ્ચિમ બાજુએ

કેદેશ – ગાલીલમાં નફતાલીના પહાડી મુલકમાં, ઉત્તરીય પ્રદેશમાં.

શેખેમ – એફ્રાઈમના પહાડી મુલકમાં, મધ્ય પ્રદેશમાં. (ગાલીલ)

હેબ્રોન (કિર્યાથ-આર્બા) – યહૂદિયાના પહાડી મુલકમાં, દક્ષિણના પ્રદેશમાં.

યર્દન નદીની પૂર્વ બાજુએ

ગોલાન – બાશાનમાં, ઉત્તરના પ્રદેશમાં. (મનાશ્શાના કુળને ફાળવવામાં આવેલું)

ગિલયાદમાંનું રામોથ – મધ્યના પ્રદેશમાંથી. ગાદના કુળમાં.

બેસેર – રૂબેનના કુળમાંથી સપાટ પ્રદેશમાં, દક્ષિણના પ્રદેશમાં.

આ નગરો ઈરાદાપૂર્વક ગોઠવવામાં આવ્યા હતા જેથી આશ્રય પહોંચની બહાર ન હોય.

નવા કરારમાં આશ્રય!

તો આશ્રયના આ ચિત્રનો આજે વિશ્વાસીઓ તરીકે આપણા માટે શું અર્થ છે?

આપણા અંતિમ આશ્રય પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે.

આશ્રયનગરો જૂના કરાર હેઠળ કામચલાઉ રક્ષણ પૂરું પાડતા હતા. પણ પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણને અનંત એવું કંઈ મહાન આપે છે.

તેઓ અકસ્માતે મૃત્યુ પામ્યા નથી.

તેમણે સ્વેચ્છાએ આપણને આપણા પાપોમાંથી બચાવવા માટે પોતાનો જીવ આપ્યો હતો.

"પણ આપણે જ્યારે પાપી હતા ત્યારે ખ્રિસ્ત આપણે સારુ મરણ પામ્યા, એમ કરવામાં ઈશ્વર આપણા પર પોતાનો પ્રેમ પ્રગટ કરે છે." રોમનોને પત્ર ૫:૮.

પ્રભુ ઈસુ ખ્રિસ્તે મરણ પર વિજય મેળવ્યો હતો અને પાછા સજીવન થઈને ઊઠ્યા હતા!

અને પૃથ્વીના પ્રમુખ યાજકોથી વિપરીત, જેમના જીવનોનો આખરે અંત આવ્યો હતો, આપણા મહાન પ્રમુખ યાજક સદાકાળને માટે જીવે છે.

તેથી, આપણા આશ્રય કામચલાઉ, અસ્થાયી નથી. આપણા આશ્રય શાશ્વત, સનાતન છે!

રોમનોને પત્ર ૬:૯ કહે છે:

"કેમ કે આપણે જાણીએ છીએ કે ખ્રિસ્તને મૂએલાંમાંથી ઉઠાડવામાં આવ્યા પછી તેઓ ફરીથી મરનાર નથી; હવે પછી મરણનો ફરીથી તેમના પર અધિકાર નથી."

કેવી ભવ્ય ખાતરી!

જ્યારે આપણે હજુ પણ પાપી હતા, ત્યારે પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણું આશ્રયસ્થાન બન્યા – જ્યારે આપણે ઈશ્વરથી દૂર હતા અને તેમનાથી જુદા હતા.

પણ તેઓ નથી ઈચ્છતા કે આપણે તેમનાથી દૂર રહીએ.

તેઓ આપણને નજીક આવવા બોલાવે છે.

તેઓ આપણને તેમના પર સંપૂર્ણ ભરોસો રાખવા બોલાવે છે.

(આગળ પાન ૬ પર...)

મહાન આદેશના ભાગીદારો

વધેચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ નવેમ્બર ૨૦૨૬ થી ૧૮ ડિસેમ્બર ૨૦૨૬ સુધી

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

✝ ઈશ્વરની સ્તુતિ કરવાના મુદ્દાઓ....

નવેમ્બર ૧૯: આપણા સન્ડે સ્કૂલના સમર્પિત શિક્ષકોને માટે.

નવેમ્બર ૨૦: અમારા મુખ્ય ચર્ચ અને તેના શાખા ચર્ચોમાં સન્ડે સ્કૂલ માટે વધુ બાળકો સાથે અમને આશીર્વાદિત કરવા માટે.

નવેમ્બર ૨૧: અમારી હોસ્પિટલ મિનિસ્ટ્રીમાં ઈશ્વરના ચમત્કારોને માટે.

નવેમ્બર ૨૨: **ઈકો ઓફ હીજ કોલ** સામયિક મિનિસ્ટ્રીને સહાયરૂપ થતા સમર્પિત સહ સંપાદકો સાથે અમને આશીર્વાદિત કરવા માટે.

નવેમ્બર ૨૩: અમારી સંસ્થાને નવા કર્મચારીઓ સાથે આશીર્વાદિત કરવા માટે.

નવેમ્બર ૨૪: આપણા ચર્ચને નવા વિશ્વાસી સાથે આશીર્વાદિત કરવા માટે.

નવેમ્બર ૨૫: આપણી **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલને** આચાર્ય, શિક્ષકો અને અન્ય કર્મચારી સભ્યો સાથે આશીર્વાદિત કરવા માટે.

નવેમ્બર ૨૬: આપણી બહુવિધ મિનિસ્ટ્રીજો દ્વારા સુવાર્તાનો પ્રચાર કરવા માટે આપણા વડીલ પાળકની અવિરત પ્રતિબદ્ધતાને માટે.

નવેમ્બર ૨૭: અમારા કર્મચારી સભ્યોને અને તેમના પરિવારોને આશીર્વાદિત કરવા માટે.

નવેમ્બર ૨૮: આપણા નિયમિત સમર્થકો અને અમારી મિનિસ્ટ્રીમાં તેમની સક્રિય ભાગીદારીને માટે.

નવેમ્બર ૨૯: આપણા બહારી મિશનરીઓ અને તેમના પરિવારોને આશીર્વાદિત કરવા માટે.

નવેમ્બર ૩૦: અમારી મીડિયા મિનિસ્ટ્રીના (યુટ્યુબ ચેનલ) કર્મચારીઓ જેઓ સમર્પિતતા સાથે વણાખેડાયેલા વિસ્તારોમાં પહોંચવામાં અમને સહાયરૂપ થયા છે, તેમના પરના આશીર્વાદને માટે.

ડિસેમ્બર ૦૧: આપણા રાજ્ય કોઓર્ડિનેટરો અને તેમના પરિવારના સભ્યો પરના તેમના આશીર્વાદોને માટે.

ડિસેમ્બર ૦૨: અમારી મિનિસ્ટ્રીયલ જરૂરિયાતો પૂરી કરવા માટે.

ડિસેમ્બર ૦૩: **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ, નહેમ્યા બાઈબલ કોલેજો** પરના તેમના આશીર્વાદોને માટે

✝ કૃપા કરીને આ માટે પ્રાર્થના કરશો...

ડિસેમ્બર ૦૪: આપણા વડીલ પાળક અને તેમના પરિવારના સભ્યોની સલામતી અને સુરક્ષાને માટે.

ડિસેમ્બર ૦૫: આપણા દેશના સર્વ નાગરિકો વચ્ચે એકતાને માટે.

ડિસેમ્બર ૦૬: આપણા સહ સંપાદકો અને તેમના પરિવારોના કલ્યાણને માટે.

ડિસેમ્બર ૦૭: દુનિયાના સર્વ અધ્યક્ષો, વડા પ્રધાનો અને સર્વ સરકારી અધિકારીઓની સલામતીને માટે.

ડિસેમ્બર ૦૮: આપણી **નહેમ્યા બાઈબલ કોલેજો** અને **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલને** માટે.

ડિસેમ્બર ૦૯: મદ્યપાન કરનારાઓ અને માદક દ્રવ્યના બંધાણીઓ પસ્તાવો કરે તે માટે.

ડિસેમ્બર ૧૦: ભારતભરના વણાખેડાયેલા વિસ્તારોમાં સુવાર્તા ફેલાવવામાં ઈશ્વરની દયાને માટે.

ડિસેમ્બર ૧૧: વિશ્વભરની સર્વ મંડળીઓ અને પાળકો પર ઈશ્વરના ભરપૂર આશીર્વાદોને માટે.

ડિસેમ્બર ૧૨: આપણા રાજ્ય કોઓર્ડિનેટરો અને તેમના પરિવારના સભ્યોના સ્વાસ્થ્ય અને સલામતીને માટે.

ડિસેમ્બર ૧૩: આપણી નાતાલની ઉજવણી અને ૨૦૨૭ના નવા વર્ષ પૂર્વની રાત્રિની ભજનસેવાને માટે.

ડિસેમ્બર ૧૪: વિશ્વભરના સર્વ દેશો વચ્ચે પ્રામાણિકતાને માટે.

ડિસેમ્બર ૧૫: વિશ્વભરની સર્વ મહિલાઓ અને બાળકોની સુરક્ષાને માટે.

ડિસેમ્બર ૧૬: જુવાનો મધ્યેથી આત્મહત્યાની ભાવના દૂર થાય તે માટે.

ડિસેમ્બર ૧૭: આપણી સંસ્થા માટે યોગ્ય કર્મચારીઓની ભરતી થાય તેને માટે

ડિસેમ્બર ૧૮: આપણી મિનિસ્ટ્રીયલ વિસ્તરણોને માટે અને સુવાર્તાનો વિશ્વવ્યાપી પ્રચાર થાય તે માટે.

(પાન ૪ થી આગળ...)

તેઓ આપણને તેમને આપણું નિવાસસ્થાન, આશ્રયસ્થાન, આપણો મજબૂત બુરજ અને આપણું આશ્રય બનાવવા માટે તેડે છે.

બાઈબલ કહે છે:

"યહોવા પર ભરોસો રાખનારાઓ સિયોન પહાડ જેવા છે કે, જે કદી ખસનાર નથી, પણ સદાકાળ ટકી રહે છે." - ગીતશાસ્ત્ર ૧૨૫:૧

અન્ય એક અનુવાદ કહે છે - "જો આપણે તેમનામાં વિશ્વાસ રાખીએ તો આપણે પરાજય પામીશું નહિ"-(ન્યુ લિવિંગ ટ્રાંસલેસન New Living Translation)

વહાલા ભાઈઓ અને બહેનો, ઈશ્વર તમારી પરિસ્થિતિઓ જાણે છે. હું તમને અનુભવ કરવા અને જોવા માટે પ્રોત્સાહિત કરું છું કે પ્રભુ કેટલા ઉત્તમ છે.

જ્યારે આપણો વિશ્વાસ ઈશ્વરમાં હોય, ત્યારે કદાચ તોફાનો આવે, પવન ફૂંકાય, અને કદાચ સંજોગો બદલાઈ જાય - પણ આપણો પાયો દ્રઢ રહે છે કારણ કે આપણા આશ્રય વિશ્વાસુ રહે છે.

એક વૈકલ્પિક આશ્રય: જૂઠાણાનો આશ્રય!

પણ બાઈબલ આપણને બીજા પ્રકારના આશ્રય વિશે પણ ચેતવણી આપે છે - એક જૂઠો આશ્રય.

યશાયા ૨૮:૧૫ કહે છે:

"...અમે જૂઠાણાનો આશ્રય પકડ્યો છે, અને અસત્યતામાં સંતાઈ રહેલા છે."

ઈશ્વરને તેમનું આશ્રયસ્થાન બનાવવાને બદલે, લોકો ઘણીવાર એવી બાબતો પર ભરોસો મૂકે છે જે આખરે તેમને બચાવી શકતા નથી.

આપણે જાણીએ છીએ કે જૂઠાણાનો પિતા કોણ છે.

શેતાને અસ્થાયી, નાજુક અને કાયમી સલામતી પૂરી પાડવા માટે અસમર્થ હોય તેવી બાબતો પર ભરોસો રાખવા માટે લોકોને પ્રોત્સાહિત કરીને માનવજાતને છેતર્યા છે.

એવી કેટલીક કઈ બાબતો છે જે આપણા જૂઠા આશ્રયસ્થાનો બની શકે છે?

સંપત્તિ, ખ્યાતિ, શિક્ષણ, સત્તા, પદ, પ્રતિભા, સફળતા, સંબંધો, ભૌતિક સંપત્તિ અને તેથી વધુ.

આમાંની કોઈ પણ બાબતો ખરાબ નથી.

જોખમ ત્યારે આવે છે જ્યારે આપણે ઈશ્વરને આપણા આશ્રય બનાવવાને બદલે તેમને આશ્રય બનાવીએ છીએ.

જ્યારે કોઈક વસ્તુ સર્જકનું સ્થાન લે છે, ત્યારે તે જૂઠા આશ્રય બની જાય છે.

તે "જૂઠાણાનું આશ્રય" બની જાય છે. અને દરેક જૂઠા આશ્રય આખરે નિષ્ફળ જશે.

યશાયા ૨૮:૧૭-૧૮ આપણને એક ગંભીર ચિત્ર આપે છે:

"જૂઠાણાનો આશ્રય કરાના તોફાનથી તણાઈ જશે અને સંતાવાની જગા પર પાણી ફરી વળશે. મોતની સાથેનો તમારો કરાર રદ કરવામાં આવશે, અને શેઓલ સાથેનો તમારો સંપ ટકશે નહિ."

જૂઠાણા પર બાંધવામાં આવેલી દરેક બાબત આખરે તૂટી જશે.

પણ ઈશ્વરની સ્તુતિ થાઓ - આપણી પાસે કંઈક વધુ સારું છે!

આપણી પાસે જીવંત તારનાર છે.

આપણી પાસે ખાતરીપૂર્વકનો પાયો છે.

આપણી પાસે ખૂણાનો મુખ્ય પથ્થર છે - પ્રભુ ઈસુ ખ્રિસ્ત.

યશાયા ૨૮:૧૬ કહે છે:

"જુઓ, સિયોનમાં હું પાયાનો પથ્થર મૂકું છું, તે કસી જોયેલો પથ્થર, દ્રઢ પાયાનો ખૂણાનો મૂલ્યવાન પથ્થર છે; જે વિશ્વાસ રાખે છે તે ઉતાવળો થશે નહિ."

કેવો વિરોધાભાસ!

જૂઠાણાનો આશ્રય તૂટી જશે..

પણ ખ્રિસ્તમાં આપણી પાસે જે આશ્રય છે તે ક્યારેય નિષ્ફળ જશે નહિ.

આજે આપણો આશ્રય ક્યાં અથવા કોણ છે?

ત્યાં કંઈક મહત્વનું છે જે આપણે સમજવાની જરૂર છે.

આશ્રયનગરમાં નાસી ગયેલ વ્યક્તિએ નગરમાં જ રહેવું પડતું હતું. જો તે જાણી જોઈને તે નગરની સીમાઓની બહાર પગ મૂકે, તો તે પોતાની જાતને જોખમમાં મૂકતો હતો.

તેવી જ રીતે, વિશ્વાસીઓ તરીકે, આપણે ખ્રિસ્તમાં રહેવાનું શીખવું જોઈએ.

પ્રભુ ઈસુ ખ્રિસ્તે કહ્યું:

"તમે મારામાં રહો, ને હું તમારામાં રહીશ." યોહાન ૧૫:૪.

જ્યારે આપણે મુશ્કેલીમાં હોઈએ ત્યારે ક્યારેક ઈશ્વરની પાસે દોડી જવા અને પછી કટોકટી પૂરી થઈ જાય ત્યારે આપણા જૂના માર્ગો પર પાછા ફરવામાં આપણી સલામતી જોવા મળતી નથી. ઈશ્વરની સાથે સંબંધ હોવો મહત્વપૂર્ણ છે અને મંડળી અને પાળક સાથે હોવું પણ એટલું જ મહત્વપૂર્ણ છે.

(આગળ પાન ૯ પર...)



નહેમ્યા બાઈબલ કોલેજ

ચેપોક અને સંથોષપૂરમ, વેલાચેરી, ચેનાઈ

ધર્મશાસ્ત્રમાં ડિપ્લોમા & Bachelor of Theology

માધ્યમ : તામિલ (અર્ધ સમય માટે)
હિન્દી (અર્ધ સમય માટે)



લાયકાત:
૧૦મું ધોરણ પાસ કે તેથી વધુ

પ્રવેશ માટે ઝડપ કરશો!
માન્યતા પ્રાપ્ત: છેલ્લા ૫૭ વર્ષોથી
આંતરરાષ્ટ્રીય ખ્રિસ્તી આગેવાનો અને
વડીલ પાળકો દ્વારા

સંપર્ક કરો : ચેરમેન - નહેમ્યા બાઈબલ કોલેજ
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

મુખ્ય ચર્ચના કાર્યક્રમો :

૧. પ્રાર્થના ભજનસેવા: ૨૪ કલાકો
૨. ઈકો ઓફ હીજ કોલ – માસિક સામયિકો : અંગ્રેજી, તામિલ, મલયાલમ, તેલગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૩. બાઈબલકોર – મૂળભૂત બાઈબલ અભ્યાસક્રમ (અંગ્રેજી, તામિલ અને હિંદી)
૪. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો – અંગ્રેજી અને તામિલ
૫. નહેમ્યા બાઈબલ કોલેજો – (ચેપોક, સંથોષપુરમ અને વેલાચેરી)
૬. શાખા ચર્ચો: સંથોષપુરમ, બાલાજી નગર અને વેલાચેરી
૭. મહાન આદેશના ભાગીદારો (પાળકોનું માળખું)
૮. તાલીમ કાર્યક્રમો – સેમિનાર અને રિટ્રીટસ
૯. ક્રુસેડો
૧૦. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૧. સુવાર્તા છાપખાનું – પ્રકાશનો
૧૨. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ – ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૩. રવિવારની સાબ્બાથશાળાઓ – રવિવારે સવારે ૧૦.૩૦ અને સાંજે ૩.૦૦ વાગે. (વેલાચેરી, બાલાજી નગર અને સંથોષપુરમ) રવિવારે બપોરે ૩.૦૦ વાગે

૧૪. ચહેલી સવારની ભજનસેવા – રવિવારે સવારે ૫.૩૦ વાગે
૧૫. પ્રારંભિક ભજનસેવા – રવિવારે સવારે ૮.૦૦ વાગે
૧૬. તામિલ ભજનસેવા – રવિવારે સવારે ૮.૩૦ વાગે
૧૭. બાળકોની શાળા – રવિવારે બપોરે ૧૧.૦૦ વાગે
૧૮. જુવાનોની સભા – રવિવારે બપોરે ૧૧.૦૦ વાગે
૧૯. ખ્રિસ્તને માટે વડીલોની સભા – રવિવારે બપોરે ૧૧.૦૦ વાગે
૨૦. સહભાગીતા ભોજન – રવિવારે બપોરે ૦૧.૦૦ વાગે
૨૧. તેલગુ ભજનસેવા – રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૨૨. હિન્દી ભજનસેવા – રવિવારે સાંજે ૫.૦૦ વાગે
૨૩. તામિલ અને અંગ્રેજી ભજનસેવા – રવિવારે સાંજે ૬.૦૦ વાગે

૨૪. પ્રતિભાવ સમય – રવિવાર સાંજે ૭.૩૦ વાગે
૨૫. મહિલાઓની પ્રાર્થનાસભા – બુધવારે સાંજે ૫.૩૦ વાગે
૨૬. પૂરૂષોની પ્રાર્થનાસભા – શુક્રવારે સાંજે ૭.૩૦ વાગે
૨૭. અનુશાસનતા બેઠકો – શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૮. ગૃહ સભાઓ – મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૯. ખાસ પવિત્ર પ્રભુભોજન સંગત – દરેક મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૩૦. સેવકોની બેઠક – પ્રથમ શનિવારે સાંજે ૫.૩૦ વાગે
૩૧. માતાપિતાઓની પ્રાર્થનાસભા – પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૩૨. રાત્રી પ્રાર્થનાસભા – ત્રીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે
૩૩. ઉપવાસ સાથેની પ્રાર્થનાસભા – બીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૩૪. પવિત્ર પ્રભુભોજન સહભાગિતા – બીજા રવિવારની ભજનસેવામાં
૩૫. જુવાનો/બાળકો માટેની પ્રાર્થનાસભા – દરરોજ સાંજે ૧૦.૦૦ વાગે (ફોન દ્વારા)
૩૬. કર્મચારીઓની ભક્તિસભા – દરરોજ સવારે ૯.૦૦ વાગે
૩૭. કાર્યાલય – સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ વાગે સુધી (રવિવારો સિવાય)

ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શુલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, યુવતિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂ.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૩ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

વધુ માહિતી માટે અમારા પર લખો

The Chairman, Nehemiah Bible College,
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in

ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

Account Name	:	**ECHO OF HIS CALL EDUCATIONAL TRUST**
Account Number	:	**1023 2923 805**
Bank Name	:	**STATE BANK OF INDIA**
Branch	:	**TRIPLICANE, CHENNAI - 600 005**
IFSC Code	:	**SBIN 0000249**
SWIFT Code	:	**SBI NIN BB 455**



ખાડામાંથી મહેલમાં

Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

"જે વાંચે, તે સમજે" (માથ્થી ૨૪:૧૫)

"... હું દીન તથા દરિદ્રિ છું; તોપણ પ્રભુ મારી ચિંતા કરશે..." *(ગીતશાસ્ત્ર ૪૦:૧૭)*

પચાસ વર્ષો પહેલાં, ચેન્નઈમાં એક મોટી આત્મિક જાગૃતિની સભા ભરાઈ હતી. દક્ષિણ આફ્રિકાથી કેટલાક મહાન ઉપદેશકો આવ્યા હતા. ઈશ્વરે તેમની મારફતે ઘણા મોટા ચમત્કારો કર્યા હતા. મોટી સંખ્યામાં લોકો એ ચમત્કારોના સાક્ષી બન્યા હતા અને તેમણે તેમના જીવનોમાં ઈસુ ખ્રિસ્તની સુવાર્તા વિષે પ્રથમવાર સાંભળ્યું હતું. હું તેમને સ્વૈચ્છિક કાર્યકર્તા તરીકે સહાય કરી રહ્યો હતો.

છેલ્લી સભા પૂર્ણ થયા પછી, ત્યાં મહેમાનો અને કાર્યકરો, જેઓએ સભાઓના આયોજનમાં સહાય કરી હતી, તેમનું નાનું સંમેલન ભરાયું હતું. અચાનક, દક્ષિણ આફ્રિકાથી આવેલા મુખ્ય અતિથિએ મને બોલાવ્યો અને મારા વિશે પૂછપરછ કરી, બેનરો લગાડવાની મારી પ્રામાણિકતા અને સખત મહેનત, નવા મિત્રોને આવકારવાનું અને આત્મિક જાગૃતિઓ સભા દરમિયાન સહભાગીઓને મદદ કરવામાં મારી નિષ્ઠાવાન અને સખત મહેનતની પ્રશંસા કરી હતી, કદર કરી હતી.

તેમણે મને વધુ પૂછ્યું કે હું ક્યાંથી આવું છું અને મને વિનંતી કરી કે શું હું તેમને વિમાનમથકે બીજા દિવસે સવારે ૪.૦૦ વાગ્યે મળી શકીશ જ્યારે તેઓ રવાના થાય ત્યારે. મેં જવાબ આપ્યો કે તે મારા માટે ઘણું વહેલી સવારનું થશે કેમ કે મારી પાસે એક જૂની સાઈકલ છે અને તે પર એટલી સારી સ્થિતિમાં ન હતી કે હું તેના પર બેસીને મારા ઘરથી વિમાનમથક સુધી જઈ શકું અને તે અંતર મારા સ્થળેથી ૨૫ કિલોમીટર કરતા વધારે દૂર હતું.

તરત જ, તેમણે આજુબાજુ જોયું અને આ શહેરના એક મોટા સુવાર્તિકને જોયા અને તેમને નામથી બોલાવ્યા અને કહ્યું, "આ ભાઈ સામ સેલ્વા રાજ છે. મેં તેમને જોયા છે કે તેઓ સ્વૈચ્છાએ ઘણું જ સારું કામ કરતા હતા અને મને તેમનામાં કોઈ વિશેષ બાબત જોવા મળે છે. હું ભારતથી રવાના થવા પહેલા તેમની સાથે વિમાનમથકે કેટલોક સમય ગાળવા માગું છું. કેમ કે તેઓ ઘણા જ ગરીબ છે અને તેમની પાસે મુસાફરી માટે યોગ્ય વાહન પણ નથી કે તેઓ તેમના ઘરથી વિમાનમથક સુધી આવતી કાલે વહેલી સવારે આવી શકે. તેથી મને આનંદ થશે કે, જો તમે તેમને તમારી સાથે તમારી કારમાં લઈ શકો કેમ કે તમે મને વિદાય આપવા વિમાનમથકે આવવાના છો." પણ તે સુવાર્તિક મારા પર ગુસ્સે થયા અને મુખ્ય અતિથિને જવાબ આપ્યો કે, "મારી પાસે આ માણસને લઈ આવવા માટે મારી મોટરકારમાં જગ્યા નથી. તેને વિમાનમથકે આવવા ન દો." મુખ્ય અતિથિએ તેમને પૂછ્યું, "શું તમારી સાથે અન્ય કોઈ લોકો છે કે જેઓ વિમાનમથકે આવવાના છે?" તેમણે જવાબ આપ્યો, "મારી સાથે કોઈ આવવાનું નથી; પણ હું આ ગરીબ માણસને કોઈ મદદ કરી શકતો નથી."

ઈશ્વરના તે સેવક, જેઓ મુખ્ય અતિથિ હતા, તેઓ આ શબ્દો સાંભળીને ખરેખર ચોંકી ગયા, તેમને આ શબ્દો સાંભળીને ખરેખર આઘાત લાગ્યો....તેમણે મને બોલાવ્યો અને મારા માથા પર તેમના હાથ મૂક્યા અને આંસુઓ સાથે ઈશ્વરને મને પણ ભૌતિક આશીર્વાદો આપવા માટે વિનંતી સાથે પ્રાર્થના કરી. તેમણે મને વધુ કહ્યું, મારા ભાઈ સામ, હું જાણું છું કે જેની આજે મેં સેવા કરી છે એવા મહાન ઈશ્વરના તમે ઘણા જ નમ્ર સેવક છો. હું તમારા માટે અને તમારી મિનિસ્ટ્રીની ઉન્નતિને માટે પ્રાર્થના કરું છું. હું જેમની સેવા કરું છું તે ઈશ્વર હવે આકાશની બારીઓ ખોલી દેશે અને તમને ભારતમાંની તમારી મિનિસ્ટ્રી માટે ઘણી મોટરગાડીઓ અને અન્ય તમામ માળખાકીય સુવિધાઓથી આશીર્વાદિત કરશે. તમારે તે ભાઈનો તિરસ્કાર કરવો નહિ કે જે તમને વિમાનમથકે લઈ જવા માગતા નથી જ્યારે તેઓ આવતી કાલે સવારે વિમાનમથકે આવવાના છે."

આ અનુભવે મને પીડા આપી નહિ. પણ હું ઈશ્વરનો આભારી હતો તેમના આશીર્વાદિત વચનો માટે જે તેમના સેવક મારફત મને મળ્યા હતા. દિવસો પસાર થઈ ગયા. પણ ઈશ્વર ઘણા વિશ્વાસુ, કૃપાળુ હતા મને તેમના લક્ષમાં રાખવા માટે. પાછળથી ઈશ્વરે મને વાહનોથી આશીર્વાદિત કર્યો હતો અને સર્વ સાધનો સાથે પણ જે તેમના સેવાકાર્યની મિનિસ્ટ્રી માટે જરૂરી હતાં. સમય જતાં, તેમણે મને અને મારા સાથી કાર્યકરોને અમારા પોતાના વાહનોનો ઉપયોગ કરીને તેજ વિમાનમથક સુધી ઘણી વખત મુસાફરી કરવા સક્ષમ બનાવ્યા હતા. આપણી પાસે કેવા અદ્‌ભૂત ઈશ્વર છે! તેજ ઈશ્વર હજી પણ જીવંત છે. તેઓ ગઈકાલે, આજે અને સદાકાળ એવાને એવા જ છે.

મારા વહાલા વાંચકો, શું તમે અસ્વસ્થ છો કેમ કે અન્ય લોકો તમારા માથા પરના અભિષેકને ઓળખતા નથી? શું તમે હતાશ છો એ જોઈને કે તમારી હાલની સંપદા ઓછી છે? શું તમે તમારા પોતાના લોકો દ્વારા ઓછા અંકાયેલા છો?

ઈશ્વર કહે છે, "તમારાં હૃદયોને વ્યાકૂળ થવા ન દો...હું તમને અનાથ નહિ મૂકીશ; હું તમારી પાસે આવીશ." (યોહાન ૧૪:૧,૧૮). તેમની ઈચ્છાના કેન્દ્રમાં જીવન જીવો.

ઈશ્વર તમને આશીર્વાદિત કરો!

****

(પાન ૬ થી આગળ...)

આપણને તેમનામાં રહેવા માટે તેડવામાં આવ્યા છે.

ઈશ્વરે આપણને તેમની મંડળીની ભેટ પણ આપી છે – એક આત્મિક કુટુંબ જ્યાં આપણે મજબૂત થઈ શકીએ છીએ, પ્રોત્સાહિત થઈ શકીએ છીએ, આપણામાં સુધારણા થઈ શકે છે, આપણા માટે પ્રાર્થના થઈ શકે છે અને આપણને સમર્થન આપવામાં આવી શકે છે.

આજના જગતમાં, મંડળીની હાજરી અને આત્મિક જવાબદારીને કેટલીકવાર જૂની અથવા બિનજરૂરી ગણી શકાય.

પણ ઈશ્વરની રચના અલગ છે.

આપણને એકબીજાની જરૂર છે.

બાઈબલના મૂળમાં રહેલા હોવું મહત્વપૂર્ણ છે – મંડળીમાં વિશ્વાસ રાખવો અને ધાર્મિક આત્મિક આગેવાની અને પાળકીય સંભાળમાં રહેવું. આપણને એવા લોકોની જરૂર છે જેઓ આપણી સાથે પ્રાર્થના કરશે, આપણને પ્રોત્સાહિત કરશે, આપણને સાથે ઈશ્વરનું સત્ય બોલશે અને જરૂરિયાતના સમયે આપણી સાથે આપણા પરિવારો સાથે ઊભા રહેશે.

આપણને ક્યારેય આ મુસાફરીમાં એકલા ચાલવા માટે રચવામાં આવ્યા નહોતા.

આશ્રય સ્થાન હોવાનો અર્થ શું છે?

આવો આપણે આપણી જાતને યાદ અપાવીએ કે આપણે આશ્રયનગરોમાંથી શું શીખી શકીએ છીએ.

૧. જે વ્યક્તિ અજાણતા મૃત્યુનું કારણ બને છે તે સલામત સ્થળે નાસી જઈ શકે છે.

૨. આ બાબતનો યોગ્ય રીતે નિર્ણય કરવામાં આવ્યો નહોતો ત્યાં સુધી નગરે રક્ષણ પૂરું પાડ્યું હતું.

૩. લોહીનો બદલો લેનાર નગરમાં પ્રવેશીને વ્યક્તિનો જીવ લઈ શકતો ન હતો.

૪. સંરક્ષણની સીમાઓ હતી. વ્યક્તિએ નગરની અંદર જ રહેવું પડતું હતું.

૫. પ્રમુખ યાજકના મૃત્યુ સુધી રક્ષણ પૂરું પાડવામાં આવતું હતું.

૬. તમને શું લાગે છે કે વ્યક્તિની પ્રાર્થના શું હશે? કદાચ પ્રમુખ યાજકના લાંબા આયુષ્ય માટેની પ્રાર્થના? તેણે તે દિવસની ઝંખના કરી હશે જ્યારે તે આખરે તેના વતનના વારસામાં પાછો જઈ શકે.

અને અહીં તે છે જ્યાં ચિત્ર આપણા માટે વિશ્વાસીઓ તરીકે સુંદર બને છે.

સદભાગ્યે, આપણે હવે છ ભૌગોલિક નગરો સુધી મર્યાદિત રહ્યા નથી.

આપણી પાસે કંઈક અનંત, અમર્યાદિત મહાન છે.

આપણી પાસે આપણા આશ્રય તરીકે પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે!

બાઈબલ કહે છે:

"બે નિશ્ચળ વાતોથી આપણને, એટલે આગળ મૂકેલી આશા પકડવા સારુ આશ્રયને માટે દોડનારાને ઘણું ઉત્તેજન મળે છે." હિબ્રૂઓને પત્ર ૬:૧૮.

આપણે આશ્રય માટે નાસી ગયા છીએ – કોઈ ભૌતિક નગરમાં નહિ, પણ ખુદ પ્રભુ ઈસુ ખ્રિસ્ત પાસે.

પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં!

* તેઓ તે સર્વને માટે આશ્રયસ્થાન છે જેઓ તેમની પાસે વિશ્વાસમાં આવે છે.
* તેમનો પ્રેમ અને આમંત્રણ તમામ લોકો સુધી વિસ્તરે છે.
* તેમનું રક્ષણ અસ્થાયી નથી, કારણ કે આપણા મહાન પ્રમુખ યાજક સદાકાળને માટે જીવે છે.
* તેઓ આપણો કિલ્લો અને મજબૂત બુરજ છે, શત્રુ આપણને સ્પર્શી શકે નહિ.
* તેઓ આપણો ખુણાનો મુખ્ય પથ્થર છે અને આપણા માટે ખાતરીદાયક પાયો છે – **"જે તમને અડકે છે તે મારી આંખની કીકીને અડકે છે."** – એમ પ્રભુ કહે છે.
* જ્યારે આપણે તેમના પર ભરોસો કરીએ છીએ ત્યારે તેઓ આપણને સંભાળી રાખવા સક્ષમ છે.
* ભલે આપણે જાણી જોઈને પાપ કર્યું છે કે નહિ, પણ ઈશ્વર આપણા આશ્રય છે કારણ કે તેઓ આપણા માટે મૃત્યુ પામ્યા છે અને તેમનું લોહી આપણને સર્વ પાપમાંથી શુદ્ધ કરે છે, અને તેની કૃપા આપણા માટે પૂરતી છે.

પ્રશ્ન એ નથી કે આપણી પરિસ્થિતિઓ મુશ્કેલ છે.

આપણે ફક્ત તેમની પાસે દોડી જવાની જરૂર છે, કેમ કે તેમનામાં આપણને આશ્રય, સામર્થ્ય અને સલામતી મળે છે.

તેમની હજૂરમાં આવો!

પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણને આ સુંદર આમંત્રણ આપે છે:

"જે મારી પાસે આવે છે તેને હું કાઢી નહિ જ મૂકીશ." (યોહાન ૬:૩૭).

કેવું આમંત્રણ છે!

ભલે આજે તમે ગમે તે પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યાં હોવ, ભલે તમે ગમે તે યુદ્ધ લડી રહ્યાં હોવ, ભલે ગમે તેટલો ડર તમને ઘેરી વળે, ભલે ગમે તેવી અનિશ્ચિતતા આગળ હોય – આ યાદ રાખો:

આપણી પાસે આશ્રય છે!

કોઈ કામચલાઉ આશ્રય નહિ.
સંપત્તિ પર બાંધવામાં આવેલ આશ્રય નહિ.
પ્રસિદ્ધિ પર બાંધવામાં આવેલ આશ્રય નહિ.
શિક્ષણ પર બાંધવામાં આવેલ આશ્રય નહિ.
સત્તા પર બંધાયેલ આશ્રય નહિ.
પ્રતિભા પર બાંધવામાં આવેલ આશ્રય નહિ.
માનવીય સામર્થ્ય પર બાંધવામાં આવેલ આશ્રય નહિ.

અને ચોક્કસપણે જૂઠાણા પર બાંધવામાં આવેલ આશ્રય નહિ.

આપણી પાસે પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે!

તેઓ આપણા આશ્રય છે.
તેઓ આપણો કિલ્લો છે.
તેઓ આપણો મજબૂત બુરજ છે.
તેઓ આપણા ખુણાનો મુખ્ય પથ્થર છે.
તેઓ આપણો ખાતરીદાયક પાયો છે.

અને કારણ કે આપણા મહાન પ્રમુખ યાજક સદાકાળને માટે જીવે છે, આપણો આશ્રય સદાકાળને માટે છે.

તેથી, વહાલા ભાઈઓ અને બહેનો, આવો આપણે તેમની પાસે દોડી જઈએ. પ્રભુ ઈસુ ખ્રિસ્તને તમારા આશ્રય તરીકે સ્વીકારી લો. તેમના પર સંપૂર્ણ ભરોસો રાખો, તેમનામાં રહો અને તેમનામાં સદાકાળને માટે રહો.

અને યાદ રાખો:

તેઓ આપણા આશ્રય છે!

******

Posted at "Egmore RMS Patrika Channel" RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

OUR BANK DETAILS:

1. Bank : State Bank of India

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

2. Bank : ICICI Bank

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

3. Bank : State Bank of India

(This Account is for Tax Exemption for Indians only)

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

OUR QR CODE:

ECHO OF HIS CALL

Google Pay: 98410 71858
PayPal : SAM SELVA RAJ
*****
E.mail : sam@echoofhiscall.org

તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : ૩.૧૦૦/- આજીવન લવાજમ ૩.૨૦૦૦/-

તેમના સાદનો પ્રતિસાદ (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારું પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

ઈકો ઓફ હીજ કોલ (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઉનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ઈ.ઈ.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/મોબેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારું સરનામું ECHO OF HIS CALL

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.org

YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO

RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/24-26
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS Patrika Channel"
on 16th NOVEMBER 2026
If un-delivered please return to:
ECHO OF HIS CALL (GUJARATI)
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

JESUS LOVES YOU!

To

GOD BLESS YOU!

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers**, New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**